# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮ /161 તારીખ: 27/11/18

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
વજા ગુણસી છાડવા,
ગામ- સુવઈ,
તા-રાપર,
મોબાઇલ નંબર:- ૯૯૭૯૭ ૨૦૬૫૯

વિષય:- કેસ નંબર પીજી ૦૨/૦૦૩/૨૦૧૮-૧૯
સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૩/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ તારીખ:

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-003-2018-19.

અરજદાર: શ્રી વજા ગુણસી છાડવા
ગામ-સુવઈ, તાલુકો-રાપર,
જિલ્લો-કચ્છ

રજૂઆત કરનાર: એકપણ સુનાવણી દરમ્યાન હાજર નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
રજૂઆત કરનાર: (૧) શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૨) શ્રી એમ.પી.મહેતા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, રાપર પેટાવિભાગ.

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૯/૧૦/૨૦૧૮

સદરહુ કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા.૩૧/૦૮/૨૦૧૮, તા.૨૮/૦૯/૨૦૧૮, તા.૧૯/૧૦/૨૦૧૮ તથા તા.૦૨/૧૧/૨૦૧૮ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. અરજદાર એકપણ તારીખે ઉપસ્થિત રહેલ નથી. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૩૧/૦૮/૨૦૧૮ તથા તા. ૧૯/૧૦/૨૦૧૮ના રોજ ઉપસ્થિત રહેલ છે.



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી વજા ગુણશી છાડવા દ્વારા પીજીવીસીએલ ઓફિસમાં અલગ ટ્રાન્સ્ફોર્મર માટે અરજી આપેલ. પીજીવીસીએલ દ્વારા અલગ ટીસી લગાડવામાં આવેલ નથી.

૧.૧ અરજદારશ્રીની રજૂઆત છે કે, તેમનું ખેતીવાડી વીજજોડાણ ૧૧ કેવી સુવઈ ફીડરમાં આવે છે. આ ફીડરમાં દરેક ગ્રાહકને પોતાની અલગ(સેપરેટ) ડીપી આપવામાં આવેલ છે.

૧.૨ અરજદારશ્રી વજા ગુણશી છાડવા દ્વારા પીજીવીસીએલ ઓફિસમાં વારંવાર ધક્કા ખાઈને રજૂઆત કરવા છતાં સંતોષકારક જવાબ મળેલ નથી.

૧.3 અરજદારશ્રી વજા ગુણશી છાડવા દ્વારા સત્વરે વીજજોડાણની ડીપી જુદી કરી આપવા માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી વજા ગુણશી છાડવા રહે. સુવઈ મુકામે ગ્રાહક નં. ૩૮૬૮૨/00301/૫થી એ-૧ કેટેગરીનું ૨૦ હોર્સપાવરનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૨.૧ સદર વીજજોડાણ વજેપર સબ સ્ટેશનમાંથી સુવઈ-૨ ફીડરમાં આવેલ હતું. સદર ફીડર એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ સીલેક્ટ થયેલ હોઈ તેની કામગીરી વર્ષ-૨૦૧૫માં કરવામાં આવેલ.

૨.૨ સદર કામગીરી દરમ્યાન અરજદાર વજા ગુણસી છાડવાએ પોતાના જે-તે સમયના હયાત વીજજોડાણના બોર વાળી જગ્યાના બદલે હયાત બોરથી આશરે ૧૫૦ મીટર દૂર સુવઈ ડેમ પાસે એચ.વી.ડી.એસ. માટેનું ટ્રાન્સફોર્મર ઉભું કરી વીજજોડાણ આપવા જણાવેલ.

૨.3 નિયમ મુજબ હયાત જગ્યાને બદલે શીફ્ટીંગવાળી જગ્યાએ ટ્રાન્સફોર્મર ઉભું કરી શકાય નહીં.

૨.૪ એચ.વી.ડી.એસ.ની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોઈ તથા હયાત બોરવાળી જગ્યાએ ગ્રાહકનો અવરોધ હોવાથી જે-તે સમયે ટ્રાન્સફોર્મર ઉભું થઈ શકેલ નહિં.

૨.૫ હાલમાં સદર વીજજોડાણ ખાતે વીજબીલની રકમ રૂ.૧૩,૩૪૮.૨૮ બાકી રહે છે. સદર વીજજોડાણ 'ડી' સ્ટેટસમાં છે. આમ છતાં અરજદારને નવા બોરમાં વીજજોડાણ જોઈતું હોય તો બાકી બીલની રકમ ભરપાઈ કરીને શીફ્ટીંગ માટેની અરજી કરે તો સદર કામગીરી નિયમ પ્રમાણે થઈ શકે.

## :: હુકમ ::

3.0 સદર ફરિયાદના અનુસંધાને કન્વીનર દ્વારા તા. ૩૧/૦૮/૨૦૧૮, તા. ૨૮/૦૯/૨૦૧૮, તા.૧૯/૧૦/૨૦૧૮ તથા તા. ૦૨/૧૧/૨૦૧૮ના રોજ તકરાર નિવારણ ફોરમમાં ઉપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરવા છતાં અરજદાર એકપણ તારીખે ફોરમમાં ઉપસ્થિત રહેલ નથી.



Scanned by CamScanner

૩.૧ પીજીવીસીએલના અધિકારીઓ તા.૩૧/૦૮/૨૦૧૮ તથા તા. ૧૯/૧૦/૨૦૧૮ના રોજ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેલ છે. તથા ઉપર દર્શાવ્યા મુજબની લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.

૩.૨ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા ૧૫૦ મીટર દૂર કરવામાં આવેલ નવા બોરમાં એચ.વી.ડી.એસ.સ્કીમ હેઠળ નવું ટ્રાન્સફોર્મર ઉભું થઈ શકે નહિં, તેની અરજદારને યોગ્ય સમજ આપવામાં આવેલ..

3.3 અરજદારને નાયબ ઈજનેર રાપર દ્વારા યોગ્ય સમજ આપતાં અરજદાર જૂની જગ્યાએ ટ્રાન્સફોર્મર લગાડવા માટે સંમત થયેલ.

૩.૪ અરજદાર દ્વારા ૨૦ હોર્સપાવરના ખેતીવાડી કનેક્શનમાં ૨.૫ હોર્સપાવરના લોડ વધારાની માંગણી કરતાં નાયબ ઈજનેર રાપર સબ ડીવીઝન દ્વારા જૂની જગ્યાએ ૨૫ કેવીએનું ટીસી લગાવીને લોડ વધારાની દરખાસ્ત મંજૂર કરીને ગ્રાહક નં. ૩૮૬૮૨/૦૦૩૦૧/૫ માટે લોડ વધારાનો એસ્ટીમેંટ આપવામાં આવેલ.

૩.૫ નાયબ ઈજનેર રાપર સાથે ચર્ચા થયા મુજબ સદર એસ્ટીમેટ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે.

૩.૬ આમ જૂની જગ્યાએ પીજીવીસીએલના નિયમ મુજબ અલગ ટીસી લગાવીને લોડ વધારો રીલીઝ કરવામાં આવશે.

૩.૭ આમ, સદર કિસ્સામાં અરજદારની સેપરેટ(અલગ) ટીસી મુકવાની ફરિયાદનું પીજીવીસીએલ રાપર સબ ડીવીઝન દ્વારા નિરાકરણ કરવામાં આવેલ છે.

૩.૮ આમ, અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ રાપર સબ ડીવીઝનમાં તા. ૦૧/૧૧/૨૦૧૮ના રોજ સમાધાનપત્ર(પુરશીશ) આપવામાં આવેલ છે તથા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૯ આમ, અરજદારની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi. Nitinbhai. H.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-02-003-2018-19



Scanned by CamScanner